

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હવે 'અંતિમ' ન્યાયની આશા ખોટી તડજોડ છે,*
*ઉતરે ન ઉંડાણે, ને બાહ્ય ખોટી ચોળચોળ છે,*
*ઓળગોળ થાય બધા, દેખાય એવા બહુરુપી -*
*લેતા નથી નામ મગનું, ફેંસલા ગોળગોળ છે.*
*(રફાલ ક્લીનચીટ કે તપાસના દરવાજા ખૂલ્યા?)*

### હાઈકુ

*જાડા ને જોઈ -*
*ચઢાવી દો ફાંસીએ...*
*છે સાચો ન્યાય!!*
*(અંધેર નગરી)*

*પડી ગ્યા પક્ષો -*
*'ન્યાયાધીશ'માં પણ -*
*રાજકારણ !?*

### ચિંતન

**ઋજીતે પતિ વૃડઃગ્ધિ નોશ્મા ભવતુ નસ્તનૂઃ ।**
**સોમો અધિ બ્રવીતુ નોદિતિઃ શર્મ યચ્છતુ ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે રીતે મનુષ્ય પૃથ્વી પર પોતાનું ઘર બનાવીને નિવાસ કરે છે, તેજ રીતે શરીર પર જીવાત્માનું ઘર છે. આથી એને બ્રહ્મચર્ય, સાત્ત્વિક ખોરાક અને સંયમ દ્વારા હંમેશા સ્વસ્થ અને નીરોગી રાખીએ.

પરમાત્માએ મનુષ્યને આ સર્વગુણયુક્ત શરીર આપ્યું છે. તેનું પણ વિશેષ કારણ છે. ઈશ્વરે સૃષ્ટિની શાંતિ, સુવ્યવસ્થા, સમૃદ્ધિ, સુંદરતા અને પ્રગતિ ને માટે મનુષ્યને પોતાના સહાયક અને સહચરના રૂપમાં રચ્યો છે. પોતાની સંપૂર્ણ વિભૂતિઓ અને વિશેષતાઓ એનામાં ભરી દીધી છે. જેનાથી એ આ પવિત્ર લક્ષ્યોને સારી રીતે નિભાવી શકે એટલું જ નહિ, પરમાત્મા સ્વયં પ્રત્યેક મનુષ્યના શરીરમાં જીવાત્માના રૂપમાં બિરાજમાન છે. અને તેઓ માર્ગદર્શન આપતા રહે છે, છતાંય મનુષ્ય પોતાની મૂર્ખતાને લીધે પોતાના આત્માની ઉપેક્ષા અને અવગણના કરીને પોતે જ પોતાના પગ પર કુહાડી મારે છે.

### સુવિચાર

- મજબૂરી મેં પહન લે, ફિર દે ઉસે ઉતાર, હેલ્મેટ સા હો ગયા હૈ લોકો કા કિરદાર - **દોલતખાન**
- અવસર અને સૂર્યોદયમાં એક સમાનતા એ છે કે
  વિલંબ કરનાર આને હંમેશા માટે ગુમાવી દે છે - **મુંબઈ સમાચાર**
- આપણે મજબૂત થવું હોય તો કામ કરવું જોઈએ, સુખી થવું હોય તો દયાળુ થવું જોઈએ, અને ડાહ્યા થવું હોય તો જોવું અને વિચારવું જોઈએ - **જહોન રસ્કિન**
- જે હાથ ભૂંસી શકે છે તે જ સાચી વસ્તુ લખી શકે છે - **ડો. વિજળીવાળા**
- કોઈ પણ માણસના દિલમાં ઈમાન અને ઈર્ષ્યા સાથે રહી શકતા નથી - **હદીસ બોધ**
- મહાન માણસો તે છે જે તેનું બાળહૃદય ખોતો નથી - **રોબીન શર્મા**
- આજનું ઔષધ : ગુલાબ જળમાં લીંબુનો તાજો રસ ભેળવીને કોગળા કરવાથી મોઢાની દુર્ગંધ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા


નીતિથી વેપાર કરનારા એક પરોપકારી શેઠ હતા. તેમના માટે એક પ્રખ્યાત અને સારી વાત એ હતી કે કોઈ પણ તકલીફ અને પરેશાનીમાં જો કોઈ તેમની પાસે ઉકેલ માંગવા જાય તો તેઓ એવી સચોટ સલાહ આપતા કે પરેશાન માણસની તકલીફ થોડા વખતમાં દૂર થઈ જતી. જે કોઈ આવે તેને સાંજે એક નાની રૂપમમાં બેસાડતા, કોઈને સંપૂર્ણ સાંભળી પોતાના અનુભવ પ્રમાણે સલાહ આપતા અને શક્ય હોય તો એ તકલીફમાંથી બહાર આવવા 'સાથ' પણ આપતા. જેમકે કોઈને નાની મૂડી આપે, કોઈને નોકરીની ભલામણ, કોઈને દવા માટે સારવાર માટે હાથ ઉછીના આપે. જે કોઈ આવે ત્યારે રૂમમાં પોતાના માતાના ફોટા પાસે હજાર, બે હજાર રૂપિયા ભરેલું કવર માતાના ફોટા પાસે હોય. તે આપીને વિદાય કરે. ઘરના સભ્યોને પણ આ વાતની જાણ ન હોય. માત્ર જૂના મુનીમ જે આવું કવર તૈયાર કરતા તેમને થોડી જાણ રહેતી. એકદિવસ મુનીમે શેઠને આ કવર બાબતે પૂછતાં કહ્યું, 'આપ સથે વર્ષોથી હું કામ કરું છું, રોજ આપની સૂચના મુજબ આપના બાના ફોટા પાસે પૈસા ભરેલું કવર મૂકું છું. તો આ કવરનું તમે રોજ કરો છો શું ? શું લોકોને પૈસા આપો છો?' શેઠે કહ્યું, 'મુનિમજી, મારા માતા બિલકુલ અભણ હતા. પણ તેમની કોઠાસૂઝ ખૂબ હતી. આડોશ-પાડોશમાં કોઈ બી તેમની પાસે રડતું આવે તો કોઠાસૂઝ ખૂબ હતી. આડોશ-પાડોશમાં કોઈ બી તેમની પાસે રડતું આવે તો તેઓ એમની વાત ધ્યાનથી સાંભળતા અને હાથમાં થોડા પૈસા આપતા અને જરૂરી સલાહ આપતા, હું તે નાનપણથી જોતો. અને મેં બાને પૂછ્યું, બાએ એ કહ્યું, 'બેટા કોઈને પોતાની તકલીફ કોઈને કહેવી ગમે નહીં, તકલીફ સહન ના થઈ શકે ત્યારે તેઓ મારી પાસે આવે. થોડા પૈસા આપીએ તો એને હિમ્મત રહે. હું એને થોડા પૈસા આપું તો એને લડવાની હિંમત રહે. અને સલાહ આપુ તો તે ટકી શકે. માત્ર સલાહ આપનાર મોભી ન બનવું. સાથ આપનાર સાથી બનવું.'' શેઠની વાત સાંભળી મુનિમે શેઠને અને બાના ફોટાને વંદન કર્યા.

# એનડીએના મતભેદ છતા થયા

**તંત્રીસ્થાનેથી...**

લોકસભાની ચૂંટણીમાં ખભેખભો મિલાવી મોદીના જયજયકાર કરનારા એનડીએના સાથી ઘટક પક્ષોએ ધાર્યા કરતાં ઘણું વહેલું પોત પ્રકાશવા માંડ્યું છે. સત્તાલક્ષી ગઠબંધનો પોતાના અંગત સ્વર્થોને આંચ આવતી લાગે ત્યારે કાચીંડાની જેમ રંગ બદલતાં વાર નથી કરતા એનું વરવું ઉદાહરણ શિયાળુ સત્ર દરમિયાન જ પ્રદર્શિત થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સંભાવના પામી ગયા છે. એટલે એમણે એનડીએની બેઠક બોલાવીને ગઠબંધનને મળેલ પ્રચંડ જનાદેશનો દ્રોહ ન થાય - નાના નાના મતભેદો વકરીને ગઠબંધનના વિભાજનમાં જ પરિણમે એનું ધ્યાન રાખવા વિનંતી કરવી પડી છે. એનડીએમાં ભારતીય જનતા પાર્ટી સૌથી જૂના સહયોગી અને હિંદુત્વ મુદ્દે સમાન વિચારસરણી ધરાવતા શિવસેનાના સાથીઓ શિયાળુ સત્ર દરમિયાન વિપક્ષની બેંચ પર બેસવાનાં છે. એમના એક માત્ર પ્રતિનિધિએ મોદી-કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે. મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ પ્રમુખ અમિત શાહ અને સેના પ્રમુક ઉદ્ધવ ઠાકરે વચ્ચે બાળાસાહેબ ઠાકરેના જ રૂમમાં સત્તા વહેંચણીની અડધોઅડધ ફોર્મ્યુલાનું અર્થઘટન ભાજપ અને શિવસેના પોતપોતાની રીતે કરવા લાગ્યાં જેનું પરિણામ આખરે ગઠબંધનના જૂના સાથીઓની જુલાઈમાં આવ્યું. શિવસેના કોઈ પણ સંજોગોમાં મહારાષ્ટ્ર જેવા અગત્યના રાજયનું સુકાની પદ અન્ય કોઈના હાથમાં જવા દેવા તૈયાર નથી. ભાજપ સાથે એ ફિફટી-ફિફટી ફોર્મ્યુલા માટે તૈયાર હતી, પરંતુ પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પૂરાં પાંચ વર્ષ પોતે જ મુખ્યમંત્રી પદ ભોગવવાના મુદ્દે અક્કડ વલણ અપનાવ્યું - જેને અમિત શાહ અને મોદીનું સમર્થન મળ્યું - આ જ મુદ્દે શિવસેનાને વિરોધી વિચાસરણી ધરાવતા અને એની સામે પૂરી તાકાતપૂર્વક ચૂંટણી લડી પોતાનું વજૂદ પ્રસ્થાપિત કરનારા જૂના જોગી શરદ પવારનું શરણું લેવું પડ્યું છે. પવાર વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. પરંતુ ઉંમર અને આરોગ્યના મુદ્દે રાજકારણમાંથી ક્ષેત્રસંન્યાસના સીમાડે પહોંચી ગયા છે. છતાં તક જોતાં જ તેઓ લાઈમલાઈટમાં આવી ગયા છે. કોંગ્રેસ સાથે સમજૂતી કરીને તેઓ શિવસેનાના નેતૃત્વ વાળી સંયુક્ત સરકાર રચવા આકાશપાતાળ એક કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આ લોકસભા પછીનો પહેલો પડકાર છે જયાં સૌથી મોટા પક્ષ અને ગઠબંધન તરીકે ચૂંટાઈ આવ્યા છતાં ભાજપને વિપક્ષમાં બેસવાનો વારો આવે એવી સ્થિતિ સરજાઈ છે. કેન્દ્ર સરકારે એના કહ્યાગરા રાજયપાલ મારફત મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન અમલી બનાવ્યું છે પણ એમાંય એમની લાચારી જ દેખાઈ રહી છે. ઝારખંડમાં એનડીએના ઘટક પક્ષ લોકજનશક્તિ પાર્ટીએ એકલે હાથે - ભાજપ સાથે ગઠબંધન કર્યા વગર લડી લેવાનો નિર્ધાર કર્યો છે. લોજપાના યુવાન પ્રમુખ ચિરાગ પાસવાને એનડીએની બેઠકમાં જ ગઠબંધનના સંયોજક નક્કી કરવા અંગે ઊહાપોહ કરી ભાજપના એકહથ્થુ અભિગમને પડકાર્યો છે. દેખીતી રીતે સંયોજક પદ કોઈ ઘટક પક્ષના નેતાને જ આપવું પડે. અગાઉ શરદ પવાર આ પદ શોભાવતા રહ્યા હતા. બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર પણ ધીરે ધીરે એમનો રંગ બદલવા લાગ્યા છે. અત્યારે લોકસભામાં પ્રચંડ બહુમતી હોવા છતાં ભાજપ માટે પાંચ વર્ષ દરમિયાન પોતાનો વક્કર અકબંધ રાખવાનું દિનપ્રતિદિન અઘરું બની રહેશે એવાં એંધાણ વરતાય છે. ઈંદિરા ગાંધીએ જનતા પાર્ટીના ઘટક પક્ષો વિશે કરેલી આગાહી મુજબ એક પછી એક ડુંગળીના પડ જુદાં થઈ જાય તો ભાગ્યે જ કોઈને નવાઈ લાગશે.

# વિદ્યા - વિનય - વિવેકના અજવાળાં...




સભાગૃહમાં ઉપસ્થિત પચાસ ટકા દર્શક-શ્રોતાઓ ઝૂમતા હતા. નાચતા હતા... ને સ્ટેજ પરથી શું રજૂ થયું હતું.

બાળગીતો.... હા, ગુજરાતી ભાષાના બાલમંદિરના બાળગીતો... અહીં ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિ જેની ઉંમર ૨૫થી લઈને ૮૫ સુધીની હતી... પણ એ પોતાનામાં એ પળે ૬-૮-૧૦ વર્ષના બાળકને અનુભવ કરી રહ્યો હતો... કરોડો દેતા ના મળે એ બચપણ જાણે પાછું થોડીવાર મળ્યું હતું.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી, ભવન ટ્રસ્ટ, દક્ષિણામૂર્તિ બાલમંદિરના શતાબ્દિ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. એ નિમિત્તે અમદાવાદમાં દક્ષિણામૂર્તિના શુભેચ્છકો, પૂર્વ વિદ્યાર્થીઓ, પરિવારના સભ્યોનું સ્નેહમિલન યોજાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં દક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગરનો બાળ કેળવણીનો ગૌરવવંતો ઈતિહાસ પ્રતિબિંબિત થતો હતો.

ગુજરાતમાં બાળ-શિક્ષણના સહ અધ્યાપનના - ગ્રામ અધ્યાપનના પ્રણેતાઓ એવા ગીજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ, વગેરે સહિત અનેક શિક્ષકોનું વિચાર ઘડતર જેમને મળ્યું એવા આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં પોતોપતાના કાર્યક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરી રહ્યા છે અને પોતાની માતૃ સંસ્થાનું ઋણ અદા કરવાનો અવસર આવે રાજી થઈને એમાં જોડાઈ રહ્યા છે આજે તો આ સંસ્થા એક વટવૃક્ષ બની ચૂકી છે. પરંપરા સાથે કદમ મિલાવીને - પરંપરાને સાચવીને આધુનિક અભિગમ અને સુવિધાને પણ આવકારી રહી છે. શિક્ષણની સાથે સાથે જ અહીં વિદ્યાર્થીઓ દીક્ષા પણ પામ્યા. અનુશાસન, પ્રકૃતિપ્રેમ, વગેરેથી સમૃદ્ધ સ્વરુપોમાં અભિરૂચિ, વગેરેથી સમૃદ્ધ થયા છે વિદ્યાર્થીઓ.

અમદાવાદમાં આયોજિત દક્ષિણોત્સવ - ૨૦૧૯ ઉપસ્થિત સહુના હૈયે વીતેલા વર્ષોના સંસ્મરણો છલકાતા હતા.

ઉલ્લેખનીય છે કે ભાવનગરના મહારાજા ભાવસિંહજી, કૃષ્ણકુમારસિંહજી અને દીવાન સર પ્રભાશંકર પટ્ટણીના સહયોગથી વર્ષ ૧૯૧૦માં દક્ષિણામૂર્તિ બાલમંદિર શરુ કરાયું હતું.

આજે શાળાઓમાં વિદ્યાર્થીઓને મરાય નહિ તેવી વાત છે. પરંતુ ૧૦૦ વર્ષ પહેલા આ બાલમંદિરમાં ગિજુભાઈ બધેકાની લાગણીથી બાળકોને હાથ પણ નહીં અડાડવાનો સંકલ્પ થયો હતો.

મોન્ટેસરી પદ્ધતિ સાથેના મૂલ્યોનો અને ભારતીય પદ્ધતિનો અદ્ભૂત સમન્વય હતો આ સંસ્થામાં.

દક્ષિણામૂર્તિમાં બાળકોને હોમવર્ક માટે ક્યારેય પ્રેશર કરાયું નથી. ભાર વિનાના ભણતર પર અહીં એ સમયથી ધ્યાન કેન્દ્રીય કરાયું હતું.


બાળ રમતો - બાળગીતો - બાળકોને અનુકૂળ નાસ્તો - કલાસરૂપમાં જ નહિ, લીમડા કે વડના વૃક્ષ હેઠળ થતો અભ્યાસ, પહેલો વરસાદ પડે તો ભીંજાવા માટે આપવામાં આવતી મુક્તતાની રજા, ઘોડાગાડીમાં આવવાનું ને જવાનું, નૃત્ય-ગીત-સંગીતને હસ્તકલાનીની તાલીમ સાહજિકપણે મળે... આ બધ્ધું જ પામેલા દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓને પોતે એ વર્ષો જીવ્યાનો આનંદ છે એ વાતની પ્રતીતિ તેમને જયારે જયારે મળી ત્યારે ત્યારે થાય છે.

બાલમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના અભ્યાસક્રમમાં એવા એવા શિક્ષકો અને આચાર્યો અહીં થયા કે જેઓના કાર્યકાળમાં વિદ્યાર્થી ભૂલ કરે તો પોતાની ભૂલ રહી ગઈ એના ઘડતરમાં એમ કહી પોતે ઉપવાસ કરતા...




શિક્ષણ અને શિક્ષક બંને જયાં મળે એ સ્થાન એટલે વિદ્યાલય.

વિદ્યાલય અને એમાં પણ બાલમંદિર કે કુમાર અવસ્થાનું શિક્ષણ... માણસના ઘડતરમાં બહુમૂલ્ય પ્રદાન કરે છે. શિક્ષકો દ્વારા મળતા શિક્ષણ સઆથે જ શાળામાં શિસ્ત-માનવધર્મ-સંઘશક્તિ-સમૂહજીવન- આપવાનો આનંદ - પ્રકૃતિ અને કલાના વિવિધ માધ્યમો તથા રમતગમત પ્રત્યેનો પ્રેમ... આ બધું વિકસે છે અહીં.... વિદ્યા - વિનય - વિવેક એક સાથે જયાં મળે છે એ વિદ્યાલયોની શતાબ્દિ ઉજવયા, એના મૂળ સ્વરુપને યથાવત રાખી નૂતન ગૃહ નિર્માણની વાત થાય અને એમાં સહુ જોડાય... એ નિમિત્તે શિક્ષકોનું સ્મરણ થાય ત્યારે વિદ્યાના અજવાળા રેલાય છે.

# ત્રણ સંસ્કૃતિનો સમન્વય અને ઐતિહાસિક નગર એટલે-ભુવનેશ્વર




કલિંગ,ઉત્કલ, ઓડિશા આ ત્રણેય નામ એક સુંદર નયનરમ્ય કુદરતી સંપત્તિથી ભરપૂર પ્રદેશનાં જ નામ છે. ઈશ્વરનું ભુવન-ભુવનેશ્વર. ઓડિશાનુ પાટનગર અને એક ઐતિહાસિક નગર. પશ્ચિમથી પૂર્વ સુધીની આ યાત્રાનો પહેલો પડાવ. લગભગ ૬૦૦ જેટલા મંદિરો આ નગરમાં છે.માટે જ આ નગરને પૂર્વનું ''કાશી'' કહેવામાં આવે છે. આ નગર બૌદ્ધ સ્થળ પણ છે. પ્રાચીન સમયમાં ૧૦૦૦ વર્ષો સુધી અહીં બૌદ્ધ ધર્મ ખૂબ વિકસ્યો. પ્રથમ શતાબ્દીમાં અહીં ચેદી વંશના પ્રસિદ્ધ જૈન રાજા ખારવેલ થઈ ગયા. સાતમી

શતાબ્દીમાં અહીં ઘણાં પ્રસિદ્ધ હિન્દુ મંદિરોનું નિર્માણ થયું હતું. આમ હિન્દુ-જૈન-બૌદ્ધ ત્રણેય સંસ્કૃતિને જાળવીને બેઠેલું 'ભુવનેશ્વર' સાંસ્કૃતિક નગર તરીકે વિશિષ્ટ છાપ છોડી જાય છે. ભુવનેશ્વર,જગન્નાથ પૂરી અને કોણાર્કના સમન્વયના કારણે ''સ્વર્ણ ત્રિભુજા''ના નામે પણ આ પ્રદેશ ઓળખાય છે.

૧૯ ઓગષ્ટ ૧૯૪૯માં કટકની બદલે ભુવનેશ્વરને ઓડિશાની રાજધાની તરીકે વિકસાવવામાં આવ્યું. જર્મન સ્થપતિ ઓટ્ટો કોનિગ્સબર્ગે જમશેદપુર અને ચંડિગઢની જેમ આ નગરને ડિઝાઈન કર્યુ. કટક અને ભુવનેશ્વરને વારંવાર 'ટ્વીન સિટી'ના દરજજા માટે માંગ કરવામાં આવે છે.

'ધૌલી' ભુવનેશ્વરથી ૧૦ કિ.મી. દૂર પુરી જતા રસ્તામાં આ ઐતિહાસિક સ્થળ આવે છે.આ એ જ સ્થળ છે,જ્યાં સમ્રાટ અશોક અને કલિંગના રાજા અનંતા વચ્ચે 'કલીંગ-યુદ્ધ' થયુ હતુ.આ સ્થળ 'દયા' નદીના કિનારે આવ્યું છે,કહે છે કે યુદ્ધ વખતે આ નદી 'શોણીતવર્ણી' લાલ બની ગઈ હતી. અહીં અશોકના ફરમાનો શિલાઓમાં કોતરેલા મળી આવે છે. અત્યારે અહીં બૌદ્ધ સ્તૂપ શાંતિ સ્તૂપ બનાવવામાં આવ્યો છે. ઊંચાઈ પર આવેલા આ સ્થળ પરથી નીચે વહેતી દયા નદીના કિનારે અત્યારે ખેતરોની હરીયાળી જોઈએ છતાંપણ ભૂતકાળનું ગોઝારું યુદ્ધ અને વિરગતિને પ્રાપ્ત થયેલા સૈનિકો અને કલિંગવાસીઓની અતૃપ્ત આત્માઓ આપણને વિહ્વળ કરી મૂકે છે.

'મહામેઘવાહન' રાજવંશ ના રાજા ખારવેલ આ કલિંગ રાજ્યનો સહુથી શક્તિશાળી રાજા કહેવાય છે. ઉદયગિરિ અને ખંડગિરિ નામક કલાત્મક શિલ્પકૃતિઓથી યુક્ત ગુફાઓનુ નિર્માણ તેના દ્વારા કરવામાં આવ્યુ હતુ. જ્યાં અપ્રતિમ સૌંદર્ય પથ્થરોના શિલ્પમાં જોવા મળે છે. રાજા ખારવેલ જૈન ધર્મનો ચુસ્ત અનુયાયી હોવા છતાં અહીંના શિલ્પોમાં હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓનાં પણ ઘણા શિલ્પ જોવા મળે છે અને પથ્થર પરની નક્કાશી જોઈને આપણે જાણી શકીએ કે જૈન ધર્મ અને હિન્દુ ધર્મ કેટલા ઓતપ્રોત છે. અહીં જિરાફ પણ અંકિત થયેલ જોવા મળે છે,આવો જ જિરાફ કોણાર્કમાં પણ જોવા મળ્યો હતો,જે બતાવે છે કે તે સમયે આપણો વાણિજ્ય વ્યવહાર સાઉથાઅફ્રિકા સાથે ચાલતો હતો. એક સમય એવો હતો કે અહીંની ખંડગિરિ અને ઉદયગિરિ ગુફાઓની ટોચ પરથી 'દયા' નદીનો પટ અને તે ઐતિહાસિક યુદ્ધસ્થળ દેખાતો હતો. કે જે ઉદયગિરિ ખંડગિરિથી ૧૦ કિલોમીટર દૂર છે. પરંતુ આજે હવે ઊંચી ઊંચી ઈમારતો અને પ્રદૂષણનાં કારણે દેખાતા નથી. જોકે આ લેખ લખાય છે ત્યારે સવારે જ આવેલા છાપાની હેડલાઈન પ્રમાણે પીવાલાયક પાણીની શ્રેષ્ઠતાની ગુણવત્તાની દૃષ્ટિએ આખા દેશમાં મુંબઈ પછી ભુવનેશ્વરનો નંબર આવે છે.(આપણા શહેરનો નંબર છે....ક ૧૪માં ક્રમે છે.)

ઉદયગિરિ ગુફાઓ પ્રવેશ પર જ હાથી ગુફા જોવા મળે છે. જેના પર પ્રાકૃત અને બ્રાહ્મી લિપિમાં અમુક પંક્તિઓ કોતરેલી જોવા મળે છે. કોણાર્કનાં કલાત્મક મંદિર માટે અહીંથી જ પથ્થરો લઈ જવામાં આવ્યા હતા. આ સ્થળ ઈતિહાસપ્રેમીઓ માટે તો સ્વર્ગ સમાન છે.

અગાઉ કહ્યું તેમ ભુવનેશ્વરને પૂર્વનું કાશી કહેવાય છે, લિંગરાજ મંદિર ભુવનેશ્વર ખાતે આવેલું છે. આ મંદિર ભુવનેશ્વર શહેરમાં આવેલાં પ્રાચીનતમ મંદિરો પૈકીનું એક મંદિર છે.ત્રણેય ભુવનોના સ્વામી ભગવાન ત્રિભુવનેશ્વરને સમર્પિત આ મંદિરનું વર્તમાન સ્વરૂપ તો સને ૧૦૯૦ - ૧૧૦૪ના સમયકાળમાં બનાવવામાં આવ્યું હતું, કિંતુ એના કેટલાક ભાગ ૧૪૦૦ વર્ષ કરતાં પણ વધુ પુરાણા છે. આ મંદિરનું વર્ણન છઠ્ઠી શતાબ્દીના લખાણોમાં પણ આવે છે.

આ મંદિરનું નિર્માણ સોમવંશી રાજા જજાતિ કેશરિએ ૧૧મી શતાબ્દીમાં કરાવ્યું હતું. એમણે ત્યારે જ પોતાની રાજધાનીને જાજપુર નગરથી ભુવનેશ્વર ખાતે સ્થાનાંતરિત કરાવી હતી. આ સ્થળનું બ્રહ્મ પુરાણ ગ્રંથમાં એકામ્ર ક્ષેત્ર તરીકે વર્ણન કરવામાં આવ્યું છે.

મંદિરનું પ્રાંગણ ૧૫૦ ચોરસ મીટરનું છે તથા કળશની ઊંચાઈ ૪૦ મીટર જેટલી છે. પ્રતિવર્ષ એપ્રિલ મહીનામાં અહીં રથયાત્રા આયોજિત કરવામાં આવે છે. મંદિરની નિકટમાં આવેલા બિંદુસાગર સરોવરમાં ભારતના પ્રત્યેક ઝરણાંઓ તથા તળાવોનું જળ સંગ્રહીત છે અને એમાં સ્નાન કરવાથી પાપમોચન થાય છે. એક ધાર્મિક કથા અનુસાર 'લીટ્ટી અને 'વસા' નામક બે ભયંકર રાક્ષસોનો વધ પાર્વતીજીએ અહીં જ કર્યો હતો.ત્યારબાદ તેમને તરસ લાગતા શિવજીએ સ્વયં કૂવાનુ સ્વરુપ ધારણ કરીને બધી જ પવિત્ર નદીઓનુ જળ પોતાનામાં સમાવિષ્ટ કરાવ્યુ હતુ,જે અત્યારે 'બિંદુ સરોવર' નામક પવિત્ર સરોવર આવેલું છે.


મુક્તેશ્વર મંદિર માત્ર કોઈ એક મન્દિર નથી આ મંદિર બીજા અનેક નાના મોટા મંદિરોનો સમૂહ છે. આ મંદિરમાં નાગર શૈલી અને કલિંગ વાસ્તુકલાનો અદભૂત સમન્વય જોવા મળે છે. આ મંદિરમાં શિલ્પ-સૌંદર્ય અવર્ણનીય છે. એક ચિત્રમાં કૃશકાય સાધુઓ અને વાંદરાઓના સમૂહને કંડાર્યો છે,તો અન્ય એક જગ્યાએ પંચતંત્રની કથા કોતરેલી છે. આ મંદિરના દરવાજા આર્ક શૈલીમાં બનેલા જોઈ શકાય છે. આ મંદિરનુ તોરણ મગરમચ્છનાં શિર આકારમાં બનેલું છે. આ મંદિરની એક તરફ એક કુંડ છે,જેને મરીચી કુંડ કહેવાય છે.

આ શહેરમાં સંગ્રહાલય,પ્લેનેટોરિયમ, અને હસ્તકલા કેન્દ્ર પણ જોવાલાયક છે.

૧૯૬૦માં બનેલા 'નંદન-કાનન'(સુવર્ણનો બગીચો') પ્રાણી

અનુસંધાન પાના નં ૭ પર


# સાહિત્યની સુવાસમાં પાંગરેલી અમૃતા અને સાહિરના ઈશ્કની મખમલી દાસ્તાન




ઉસ પલ દો પલ કે શાયરને,
મેરે લેખન પર કીયા કુછ યું અસર,
ન હો કર ભી ઈસ જહાં મે વો,
મેરી કવિતાઓ મેં કહીં કરતા બસર હૈ,

- સાહિર લુધિયાનવી

પ્રેમ એટલે પવિત્ર અનુભૂતિ. પ્રેમની વ્યાખ્યા હૃદયના મૌનમાં પડઘાતી હોય છે. જીભ મનની ભાષા બોલી નાખે પણ એને લાગણીઓની કશી જાણ




હોતી નથી. ઈશ્વરે માનવીને આપેલી અનેક ભેટમાં પ્રેમ સૌથી મૂલ્યવાન ગીફ્ટ છે. પ્રેમ જેટલો પ્રિય વિષય છે એટલો જ અટપટો પણ છે. પ્રેમમાં પામવા કરતાં આપવાનો આનંદ વધુ હોય છે. પ્રેમમાં અધિકારવા કરતાં અનુભવવાનું મહત્વ છે. સાહીર અને અમૃતાની કહાની મહોબ્બતનો એક મુકમ્મલ દસ્તાવેજ છે. અમૃતાને સાહિરનું ખેંચાણ યુવાનીમાં સૌથી પહેલાં પંજાબ પ્રાંતમાં કોલેજ કાળમાં થયું હતું. આઝાદીના પહેલા આ વિસ્તાર પાકિસ્તાનમાં હતો. અમૃતા અને સાહિર એક કોલેજમાં ભણતાં. સાહિર શાયરીઓ અને ગઝલોના કારણે આખી કોલેજની આંખોનું નૂર બની ગયા હતાં. અમૃતા સાહિરની શાયરીઓની દિવાની હતી.

સાહિર અને અમૃતાનો ઈશ્ક બન્નેને ફીઝીકલી એક ન કરી શક્યો એની પાછળ ત્રણ કારણો હતા. પહેલું તો સાહિરની મુફલીસી, બીજું સાહિર મુસલમાન અને અમૃતા પંજાબી અને ત્રીજું અમૃતાનો પ્રિતમ સિંહની સાથે વિવાહ. અમૃતાના વગદાર પિતાના કહેવાથી સાહિરની કોલેજમાંથી હકાલપટ્ટી થઈ ગઈ. પછી તો હિન્દુસ્તાન-પાકિસ્તાનના ભાગલા પડ્યાં. સાહિર મુંબઈ અને અમૃતા દિલ્હીમાં સેટલ થઈ ગયા.

૮ માર્ચ, ૧૯૨૧માં જન્મેલા સાહિર લુધિયાનવીના નામ પાછળ એક રસપ્રદ કિસ્સો છે. સાહિરના પિતા ફઝલ મહંમદની પડોશમાં એક રૂઆબદાર સામાજિક રાજકીય કાર્યકર અબ્દુલ હઈ રહેતા હતા. સાહિરના પિતા ફઝલ આ અબ્દુલને તેના રૂતબાને કારણે કશું કહી શકતાં નહોતા. એટલે એણે એની મનની ભડાશ કાઢવા માટે દિકરાનું નામ અબ્દુલ હઈ રાખ્યું. રોજ દિકરાને મોટે મોટેથી ધમકાવતાં અને અનાપ શનાપ ગાળો બકી ભડાશ કાઢતા. આવા વિચિત્ર ખયાલોવાળા પિતાને ત્યાં સાહિરનું બાળપણ પસાર થયું. પિતા ફઝલે ૧૨ વિવાહ કર્યા હતાં અને ૧૧મી બેગમ સરદારથી સાહિરનો જન્મ થયો. ફઝલને સાહિર સિવાય બીજી કોઈ ઓલાદ ન હતી. ફઝલની વિચિત્ર હરકતોને કારણે સાહિરને લઈને મા સરદાર પિતા ફઝલથી અલગ થઈ ગઈ. બાળપણમાં આવી જંઝાવાતો જોઈને સાહિર હમેશા ગુમસુમ રહેતાં. નાનપણથી જ મશહૂર શાયર માસ્ટર રહમતની બધી શાયરીઓ સાહિરને મોઢે રહેતી.

અબ્દુલ હઈમાંથી સાહિર લુધિયાનવી બનવાનો કિસ્સો પણ રોચક છે. વર્ષ ૧૯૩૭માં સાહિર મેટ્રિકની પરીક્ષાની તૈયારીઓ કરતાં હતાં એ વખતની વાત છે. પરીક્ષાની તૈયારીમાં પાઠ્યપુસ્તક વાંચતાં સાહિરે ૧૯મી સદીના મશહુર શાયર દાગ દહલવીની પ્રશંસામાં ઈકબાલની લખેલી એક ગઝલ જોઈ. એ નઝમની પંક્તિઓ કંઈક આ પ્રકારે હતી...

ચંદ બસા જાત, અહા! મૈયત ઉસકી જેબ-એ-દોષ હૈ
આખીરી શાયર જહાનાંબાદ કા ખામોશ હૈ
ઈસ ચમન મેં હોંગે પેદા બુલબુલ-એ-શીરીઝ ભી
સેંકડો સાહિર ભી હોંગે, સહિને ઈઝાઝ ભી....

આ નઝમમાં અબ્દુલના દિલમાં ચોથી લાઈનમાં આવતો 'સાહિર' શબ્દ ચોંટી ગયો. 'સાહિર' એટલે 'જાદુગર'. અબ્દુલે સાહિરની આગળ પોતાના જન્મ સ્થળ લુધિયાણાનું નામ જોડીને પોતાનું નામ 'સાહિર લુધિયાનવી' રાખી લીધું.

હિન્દી અને ઉર્દુ કવિતા, નઝમ અને શાયરીઓના સાહિર બેતાજ બાદશાહ હતાં. જ્યારે અમૃતા પંજાબી અને હિન્દી કવયિત્રી, લેખિકા હતાં. સચિનદેવ બર્મનની સાથે સાહિરની મુલાકાત પછી બોલીવુડમાં એમના શબ્દોનો દબદબો એ જીવ્યા ત્યાં સુધી બરકરાર રહ્યો. સાહિરની લોકપ્રિયતાનો આલમ તો એવો હતો કે, એ દિવસોમાં સાહિર એના ગીતના શબ્દો માટે મહેતાણાની રકમ લતા મંગેશકર કરતાં એક રૂપિયો વધારે માંગતાં. બીજી બાજુ અમૃતા પ્રિતમ પણ સાહિત્ય જગતનું ખૂબ મોટું જાજરમાન નામ બની ગયું હતું. સાહિરે ક્યારેય જાહેરમાં અમૃતા માટેના પ્રેમનો ઈઝહાર કર્યો ન હતો. જ્યારે અમૃતા પ્રિતમે વિવાહીત હોવા છતાં ખુલેઆમ સાહિરના પ્રેમને લખ્યો, ગાયો અને કહ્યો.

જ્યારે અમૃતા અને સાહિરના પ્રેમની વાત નીકળે ત્યારે સ્વાભાવિક રીતે જ એમ થાય કે અમૃતાને કારણે સાહિર લોકહૃદયમાં હતાં કે સાહિરના કારણે અમૃતાની ખ્યાતિ વિસ્તરી. આ એક આખો અલગ વિષય છે પણ મહત્વની વાત તો એ છે કે, સાહિર અને અમૃતાના ઈશ્કની મખમલી મહોલાત એ વખતે અને આજે પણ આખા હિન્દુસ્તાન અને પાકિસ્તાનના દિલો દીમાગમાં બરકરાર રહી છે. અમૃતાના શબ્દો હતાં કે, 'એ સાહિરના શબ્દોનો કે એની ખામોશ નજરોનો જાદુ હતો એ ખબર નથી, પણ એ જે કંઈ હોય તે, હું એમાં જબરજસ્ત જકડાઈ ગઈ હતી.' અમૃતાએ ડંકાની ચોટ ઉપર સાહિરની દિવાનગી દુનિયા સામે વ્યક્ત કરી. અમૃતાએ તેની આત્મકથા 'રશીદી ટીકટ'માં ખુલેઆમ છડેચોક સાહિર પ્રતિ ઈશ્કનો એકરાર કર્યો.

સાહિર સિગરેટ બહુ પિતા. અમૃતા પ્રિતમને મળવા જતાં ત્યારે ખૂબ વાતો થતી. શાયરીઓ અને ગઝલો છેડાતી. એ સિગરેટના કશ પર કશ લગાવતાં જતાં. સાહિરની આદત હતી કે, એક સિગરેટ અડધી પીને બુઝાવી દેતા. ફરી નવી સિગરેટ સળગાવતા. એ પણ અડધી પીને બુઝાવી દેતા. સાહિરના ગયા પછી અમૃતા પ્રિતમ સાહિરે અડધી પીધેલી અને અડધી બાકી રહી ગયેલી સિગરેટના ઠૂંઠા સાચવી રાખતાં અને એને ફરી સળગાવીને પીતા. અમૃતા પ્રિતમ કહેતા કે, તેઓ જ્યારે આમ કરતા ત્યારે જાણે સાહિરના હાથને સ્પર્ષતા હોય એવું લાગતું. અમૃતા પ્રિતમ કહે છે કે, એમને ધુમ્રપાનની આદત આ રીતે પડી ગઈ. એ જ પ્રમાણે સાહિરની અમૃતાજી માટે દિવાનગી પણ અજીબ હતી. અમૃતાજી ચા બહુ પિતા. અમૃતાજીએ જે કપમાં ચા પીધી હોય તેને ધોયા વગર સાહિર સાચવી રાખતા. કહે છે કે, અમૃતાજીએ જે કપમાં ચા પીધી હોય એ બધા કપ ધોયા વગર વર્ષો સુધી સાહિરે સાચવીને રાખ્યાં હતાં.

સાહિરની શાયરીઓ, ગઝલો-નઝમોમાં જીવનની સચ્ચાઈ અને વાસ્તવિકતાની ઐશ્વરીય લયબદ્ધતા જોવા મળતી. સાહિરના ફિલ્મી ગીતોમાં પણ અર્થસભર શાયરાના અંદાજ ટપકતો જોવા મળતો. કભી કભીનુ 'મૈં પલ દો પલ કા શાયર હું', હોય કે પછી દાયકાઓ પહેલા આવેલી નયા દૌરનું 'ઉડે જબ જબ ઝુલ્ફે તેરી' ગીત હોય આજે પણ આ ગીતોના શબ્દો પર લોકો આફરીન છે. 'આસમા પે હૈ ખુદા ઔર જમી પે હમ, યે મહેલો, યે તખતો યે તાજો કી દુનિયા, બાબુલ કી દુઆએ લેતી જા, તું હિન્દુ બનેગા ન મુસલમાન

અનુસંધાન પાના નં ૭ પર